# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન (ગુજરાતી માધ્યમ)

મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા.બારડોલી, જિ. સુરત. મો.9157644555

**“ શિક્ષણ એટલે...સમય સાથે બદલવાની અને ટકી રહેવાની ક્ષમતા”**

સ્નેહી વાલી મિત્રો...નમસ્કાર,

આપ કુશળ હશો.

આજના સ્પર્ધાત્મક યુગમાં બાળક દરેક પ્રકારના પડકારોનો સામનો કરવા તત્પર બને તે માટે સર્વાંગી વિકાસના શિક્ષણની આજે ખૂબ જ આવશ્યકતા છે. શિક્ષણનું ખરું કાર્ય તો બાળકમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને ખીલવવાનું અને બાળકને તેના જીવનના અન્ય હેતુઓ માટે તૈયાર કરવાનું હોય છે. વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.9 ના વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી ચાલુ શૈક્ષણિક વર્ષ તા. 30-01-2024 ના રોજ લેવામાં આવનાર છે. આપના બાળકને આ કસોટીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો.

**પ્રખરતા શોધ કસોટીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ નીચેની વિગતો પર ધ્યાન આપશે.**

1. પ્રખરતા શોધ કસોટીમાં ભાગ લેનાર વિદ્યાર્થીએ તા.05-12-2024 ને શુક્રવાર સુધીમાં વર્ગ શિક્ષકને નામ નોંધાવવાનું રહેશે.
2. જે વિદ્યાર્થી પ્રખરતા શોધ કસોટી આપવામાં માગે છે. તેમને શાળામાંથી એક ફોર્મ આપવામાં આવશે જે વિદ્યાર્થીએ તમામ વિગત ભરી ફોર્મ અને તેમની ફી તેમના વર્ગ શિક્ષકને જમા કરાવવાની રહેશે.
3. પ્રખરતા શોધ કસોટીની ફી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે રૂ.100/ અને વિદ્યાર્થિનીઓ, SC, ST, OBC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 80 રૂ. ફી રહેશે.
4. પ્રખરતા શોધ કસોટીના ઓનલાઈન ફોર્મ શાળામાંથી ભરી આપવામાં આવશે.

પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર | વિષય | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પ્રશ્નપત્ર-1 | ગુજરાતી | 30 | 30 | 120 મિનિટ |
| | અંગ્રેજી | 30 | 30 | |
| | સામાજિક વિજ્ઞાન | 30 | 30 | |
| | સામાન્યજ્ઞાન | 10 | 10 | |
| | કુલ | 100 | 100 | |
| પ્રશ્નપત્ર-2 | ગણિત | 40 | 40 | 120 મિનિટ |
| | વિજ્ઞાન | 40 | 40 | |
| | માનસિક ક્ષમતા | 20 | 20 | |
| | કુલ | 100 | 100 | |

5. પરીક્ષા MCQ (OMR પદ્ધતિ મુજબ લેવામાં આવશે.)
6. આ કસોટીના પ્રશ્નપત્રકમાં 1 થી 100 પ્રશ્નો આપેલા હોય છે. તમામ પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નનો 1 (એક) ગુણ છે. પ્રત્યેક ખોટા પ્રત્યુતર માટે 1/3 ગુણ કપાશે.
7. પ્રખરતા શોધ કસોટીનો અભ્યાસક્રમ ધો.9 ની કક્ષા પ્રમાણે રહેશે.
8. પ્રખરતા શોધ કસોટીના પ્રશ્નપત્ર-1 માટેનો સમય 11:00 કલાક થી 1:00 કલાક અને ત્યાર બાદ એક કલાકની રીસેસ અને બપોરે 2:00 કલાકથી 4 :00 કલાક દરમિયાન પ્રશ્નપત્ર-2 લેવામાં આવશે.
9. પ્રશ્નપત્ર-1 અને પ્રશ્નપત્રક -2 ના કુલ 200 ગુણમાંથી પર્સન્ટાઈલ પ્રમાણે પ્રથમ 1000 વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીદીઠ 1000/- રૂ. પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.
10. પ્રખતા શોધ કસોટીનું Exam Centre બારડોલીની કોઈપણ શાળા માં આવી શકે Exam Centre પર વિદ્યાર્થીને વાલીશ્રીએ જાતે લાવવા-લઈ જવાનું રહેશે.